નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 06/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




# ખાદી કાર્યાલય સાવરકુંડલા



## ગાંધી જયંતી નું વિશેષ વળતર શરુ થઈ ગયેલ છે.

તો ગુજરાત ઉત્પાદિત તમામ પ્રકાર ની ખાદી માં 30% વળતર છે.પરપ્રાંત ખાદી માં ૧૫% વળતર છે. તો આ વળતર નો લાભ લેવા માટે ખાદી ખરીદવા અવશ્ય પધારશો.

તેમજ ગ્રામોધોગ માં અનેક વસ્તુઓ હાજરમાં છે. તો ખાદી કાર્યાલય સાવરકુંડલા માં નવા ભવન ની મુલાકાત લેશો.

**સમય : સવારે ૯:00 થી ૧:00, બપોર પછી 3:00 થી ૭:00**

**ખાસ નોંધ : દિવાળી સુધીના તમામ રવિવારે વેચાણ શરુ રાખેલ છે.**

લી. ટ્રસ્ટીશ્રીઓ

**શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ ખાદી કાર્યાલય**

રેલ્વે સ્ટેશન પાછળ, સાવરકુંડલા.

મો. ૯૪૨૯૦ ૭૬૫૪૦

તારીખ : 06/10/2026

# પીએમશ્રી બ્રાન્ચ શાળા નં-૯ પ્રા.શાળાનો CRC કક્ષાના ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન-૨૦૨૬/૨૭ ઉત્કૃષ્ટ દેખાવ...



પીએમશ્રી બ્રાન્ચ શાળા નં-૯ પ્રા.શાળા-સાવરકુંડલાએ CRC કક્ષાના ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન-૨૦૨૬/૨૭માં પે સેન્ટર બ્રાન્ચ શાળા નં-૧ પ્રા.શાળા ખાતે કુલ ૫ વિભાગોમાંથી જુદા જુદા વિભાગોમાં કુલ ૪ કૃતિ મૂકી ઉત્કૃષ્ટ દેખાવ કર્યો જેમાં વિભાગ-૨ હરિત ઉર્જા અને પર્યાવરણ સરંક્ષણમાં કૃતિનું નામ:-એનર્જી પાર્ક જેના બાળવૈજ્ઞાનિક:-(૧)તેરૈયા હેમાંશી એન (૨)સોરા સુનેરા આર જેમના માર્ગદર્શક શિક્ષક મહેશભાઈ બી બાંભણીયા તેમજ કૃતિનું નામ:-રેઈન વોટર હારવેસ્ટિંગ જેના બાળવૈજ્ઞાનિક:-(૧)મેર અયાન એચ (૨)ઝાખરા અયાન એચ જેમના માર્ગદર્શક શિક્ષક સાગરકુમાર પી ભીમાણી તેમજ વિભાગ-૪(બ) ગ્રામીણ રૂપાંતર માટે વિજ્ઞાનમાં કૃતિનું નામ:-જ્વાળામુખી વિસ્ફોટ મોડેલ માં બાળવૈજ્ઞાનિક:-(૧)સમા અહેમદ આર(૨)મલેક આહીલ એ જેમના માર્ગદર્શક શિક્ષક રજનીકુમાર એમ બગડા અને વિભાગ--૫ આપતિ વ્યવસ્થાપનમાં કૃતિનું નામ:- ફાયર ફાઈટર રોબોટ જેના બાળવૈજ્ઞાનિક:-(૧)મહેતા જય એસ(૨) સેતા કયુમ આઈ જેમના માર્ગદર્શક શિક્ષક રજનીકુમાર એમ બગડાએ ખુબ જ સુંદર દેખાવ કરી વિભાગ-૫ માં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું આવનાર સમયમાં વિભાગ-૫ ની કૃતિ તાલુકા કક્ષાએ ભાગ લેશે...

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 06/10/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭

ઘર આંગણાની ઓફરની
૨૪ મી વર્ષગાંઠ માનવંતા ગ્રાહકમિત્રોના
અદ્વિતિય વિશ્વાસની ઉજવણીનો
ઠાઠ બની રહેશે !



DOUBLE DHAMAKA CAR OFFER - 2027
CAR-PATI
KAUN BENEGA MALAMAL - 2027



જે ખરીદશે ડાયમંડ, ગોલ્ડ, સીલ્વર, પ્લેટીનમ આભુષણો તે થશે માલામાલ

## કોન બનેગા માલામાલ-૨૦૨૭ ?

પ્રથમ ઈનામ
NISSAN CAR-1 GRAVITE (VISIA MT) 7 SETAR



દ્વિતીય ઈનામ
ALTO (K10)-1 STD (PETROL MT)



તૃતીય ઈનામ
HONDA ACTIVA (STD)-1



ચોથુ ઈનામ
TVS SPORT BIKE (BS-VI)



પાંચમું ઈનામ
TUNWAL E-BIKE-1 (MINI LITHINO)



છઠ્ઠુ ઈનામ
TIGER E-BIKE-1 STD



સાતમુ ઈનામ
WHIRPOOL 192 L 4 STAR 215 IMPC



આઠમુ ઈનામ
SAMSUNG-80 CM HD LED TV 32 INCH



નવમુ ઈનામ
WHIRPOOL 7KG MAGIC CLEAN



તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

કુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ ખરીદી પર એક માલામાલ કુપન 'ફ્રી'

## સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

કે.ડી NEWS

તારીખ : 06/10/2026

# રીનોવેશન ઓફ પી.ટી (તળાવ) એટ દાધીયા ગામ તથા રીનોવેશન ઓફ પી ટી (તળાવ) નવા ગામ જાંબુડા કામોને સૈદ્ધાંતિક મંજૂરી







## સાવરકુંડલા તાલુકા ના સિંચાઈ કામ માટે ૪૫.૦૨ લાખના મંજુરી મળી

સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા એ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ જળશક્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલ નો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારના વિકાસ અને જળસંરક્ષણને વધુ મજબૂત બનાવવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા બે મહત્વપૂર્ણ વિકાસકાર્યોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. જેમાં રીનોવેશન ઓફ પી.ટી (તળાવ) એટ દાધીયા ગામ તથા રીનોવેશન ઓફ પી ટી (તળાવ) નવા ગામ જાંબુડા કામોને સૈદ્ધાંતિક મંજૂરી લાખની સૈદ્ધાંતિક મંજૂરી મંજૂર કરવામાં આવી છે.આ બંને કામો પૂર્ણ થયા બાદ સંબંધિત વિસ્તારોમાં જળસંગ્રહ અને જળસંરક્ષણની સુવિધાઓને વધુ અસરકારક બનાવવામાં મદદ મળશે.

ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં સિંચાઈ માટે પાણીની ઉપલબ્ધતા જળવાઈ રહે તે દિશામાં આ કામો મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

ચોમાસા દરમિયાન વરસાદી પાણીના સંગ્રહ તથા ઉપલબ્ધ જળસ્રોતોના યોગ્ય સંચાલન માટે આવા માળખાકીય કામોનું મહત્વ વધે છે.સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારના વિકાસ માટે વિવિધ માળખાકીય અને સિંચાઈલક્ષી કામોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

આ અનુસંધાને દાધીયા ગામ અને નવા ગામ જાંબુડા ખાતેના પી.ટી (તળાવ).ના રીનોવેશનને મળેલી સૈદ્ધાંતિક મંજૂરીને સ્થાનિક સ્તરે મહત્વપૂર્ણ વિકાસ પગલા તરીકે જોવામાં આવી રહી છે.આ બંને કામો માટે રૂ. 45.02 લાખની મંજૂરી મળતા સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોને સિંચાઈ તથા જળસંરક્ષણની દિશામાં લાભ થવાની અપેક્ષા છે.

જળસંગ્રહની ક્ષમતા અને સિંચાઈ વ્યવસ્થામાં સુધારો થવાથી ખેતીલક્ષી પ્રવૃત્તિઓને પણ સહાય મળી શકે છે.

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે, સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારના વિકાસ સાથે જળસંરક્ષણ અને સિંચાઈની સુવિધાઓને મજબૂત બનાવવી એ મહત્વની પ્રાથમિકતા છે.

દાધીયા અને નવા ગામ જાંબુડા ખાતેના આ બંને કામોને મળેલી મંજૂરીથી સ્થાનિક વિસ્તારને લાભ મળશે અને જળસંરક્ષણની કામગીરીને વધુ વેગ મળશે.

રાજ્ય સરકાર દ્વારા મળેલી આ સૈદ્ધાંતિક મંજૂરી બાદ આગામી તબક્કામાં જરૂરી વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરીને કામોને આગળ ધપાવવામાં આવશે. દાધીયા અને નવા ગામ જાંબુડા ખાતેના આ કામો પૂર્ણ થતાં સ્થાનિક જળસ્રોતોના સંરક્ષણ તેમજ સિંચાઈ સુવિધામાં સુધારો થવાની અપેક્ષા છે.

આ મહત્વપૂર્ણ કામોને સૈદ્ધાંતિક મંજૂરી મળતા સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ જળશક્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 06/10/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વાંકા-ચુકા દાંતની સારવારનાં નિષ્ણાંત

## અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.

# ડો. દેવાંગ બી. પંડયા

**B.D.S., M.D.S.(orthodontics)**
**Double-Slot System (Brazil)**



દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ

# દેવ ડેન્ટલ કિલનીક & ઇમ્પ્લાન્ટ સેન્ટર

**સમય : સવારે ૯ થી ૧ / સાંજે ૪ થી ૮**

**સ્થળ : ઇન્દુ પ્લાઝા કોમ્પ્લેક્ષ, મણીભાઇ ચોક, સાવરકુંડલા. મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭**

તારીખ : 06/10/2026

# અમરેલીમાં પૂર્વ સૈનિકો અને શહીદોના પરિવારજનોનું સંમેલન યોજાયું









## સાંસદ ભરતભાઈ સુતરિયાએ એક માસનો રૂ. 2.28 લાખનો પગાર સૈનિક પરિવારોના કલ્યાણ માટે આપવાની જાહેરાત કરી

અમરેલીના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે જિલ્લાના પૂર્વ સૈનિકો, દિવંગત સૈનિકોના પરિવારજનો, શહીદોની ધર્મપત્નીઓ તથા આશ્રિતોનું સંમેલન જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજની ઉપસ્થિતિમાં યોજાયું હતું. જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, રાજકોટના આયોજન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.સંમેલન દરમિયાન સાંસદ ભરતભાઈ સુતરિયાએ દેશની સુરક્ષા અને અખંડિતતા માટે સૈનિકોના સમર્પણને બિરદાવ્યું હતું. સૈનિક પરિવારોના કલ્યાણ માટે પોતાના એક માસના રૂ. 2.28 લાખના પગારની રકમ પ્રોત્સાહક અનુદાન તરીકે આપવાની જાહેરાત તેમણે કરી હતી. સાથે જ સૈનિક પરિવારોને જરૂરિયાતના સમયે ભવિષ્યમાં પણ શક્ય તમામ સહયોગ આપવાની ખાતરી આપી હતી.જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે પૂર્વ સૈનિકો અને તેમના પરિવારજનોની સમસ્યાઓના નિરાકરણ માટે જિલ્લા વહીવટીતંત્ર હંમેશાં તત્પર હોવાનું જણાવી સૈનિક પરિવારો પ્રત્યે વહીવટીતંત્રની સંવેદનશીલતા વ્યક્ત કરી હતી.કાર્યક્રમ દરમિયાન એનસીસી કેડેટ્સ દ્વારા વીર જવાનોની શૌર્યગાથા રજૂ કરતી નાટ્ય પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ પ્રસંગે પૂર્વ સૈનિકોની ધર્મપત્નીઓ, ત્રણ યુદ્ધોમાં ભાગ લેનાર વરિષ્ઠ પૂર્વ સૈનિક વિનોદભાઈ મહેતા તેમજ કાર્યક્રમમાં સહયોગ આપનાર દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.દેશની સરહદોની રક્ષા કરનાર વીર સૈનિકો અને તેમના પરિવારો પ્રત્યે સન્માન તથા કૃતજ્ઞતાની ભાવના વ્યક્ત કરતું આ સંમેલન ભાવસભર વાતાવરણમાં સંપન્ન થયું હતું.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 06/10/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વિશ્વાસ ઓટો કન્સલ્ટ

## મોડલ ૨૦૧૩ થી ૨૦૨૬ સુધીના તમામ કારની કંપનીના મોડલ હાજરમાં...

## હવેથી નવા સરનામે

## એકયુરેટ હીરોના શો રૂમની સામે, મહુવારોડ, સાવરકુંડલા




## સેકન્ડ ગાડીમાં લોન પણ કરી આપવામાં આવશે.

ક્રેટા, સ્વીફ્ટ, ઈકો, વેગન આર, બ્રીઝા, સ્વીફ્ટ ડીઝાયર, આઈ-10, આઈ-20, સ્કોર્પિયો, બોલેરો, અર્ટીગા, બલેનો, વોકસ વેગન, વેન્ટો, જેવી તમામ પ્રકારની ગાડી લેવા તથા વેચવા માટે મળો...

નવી ગાડી લેવા જતા પહેલા અમારા શો રૂમની મુલાકાત લેશો.

એકસીડેન્ટ વગરની ગાડીનો 100% વિશ્વાસપાત્ર એકમાત્ર શો રૂમ..
આપ કંપનીમાં પણ ચેક કરી શકો છો...

હાજી ઈમરાનભાઈ એસ. શેખાણી
મો. 98248 17492

હાજી અમજદભાઈ એસ. શેખાણી
મો. 95742 02753

જુનેદભાઈ એસ. શેખાણી
મો. 97235 95955

કે.ડી. NEWS

તારીખ : 06/10/2026

# બગસરામાં કવિ સ્નેહી પરમારના ગઝલસંગ્રહ ‘ઝાંઝરી જળમાં ઝબાક્ કૂદીનું વિમોચન

## માતાની પુણ્યતિથિના અવસરે યોજાયેલા સાહિત્યિક કાર્યક્રમમાં ગુજરાતભરના સાહિત્યકારો, કવિઓ અને કલાકારો ઉપસ્થિત રહ્યા





બગસરા શહેરના જાણીતા કવિ સ્નેહી પરમારના ચતુર્થ ગઝલસંગ્રહ *“ઝાંઝરી જળમાં ઝબાક્ કૂદી”*નું પરિવારજનોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. કવિની માતાની પુણ્યતિથિના અવસરે યોજાયેલા આ સાહિત્યિક કાર્યક્રમમાં ગુજરાતભરમાંથી સાહિત્યકારો, કવિઓ, કલાકારો, પરિવારજનો તેમજ વિવિધ સંસ્થાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.બગસરામાં યોજાયેલા આ કાર્યક્રમની શરૂઆત કવિના બંધુ અને કેળવણીકાર શાંતિલાલભાઈ પરમારે સ્વાગત પ્રવચન દ્વારા કરી હતી. આ પ્રસંગે કવિ શવજી રૂખડા, હરજીવન દાફડા અને જિત ચુડાસમાએ સ્નેહી પરમારની ગઝલસર્જનની વિશિષ્ટતાઓ અને તેમની સાહિત્યિક સફર અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા.તેમજ રશ્મિનભાઈ ડોડીઆ, અનિલભાઈ વેકરિયા, ચંદ્રહાસભાઈ બસિયા અને વી.કે. જેઠવાએ કવિ સ્નેહી પરમારના સર્જન, સાહિત્યપ્રતિભા અને વ્યક્તિત્વ અંગે વાત કરી હતી. ગઝલસંગ્રહના વિમોચન પ્રસંગે કવિના સાહિત્યસર્જનને બિરદાવતા વિવિધ વક્તવ્યોથી સમગ્ર કાર્યક્રમ સાહિત્યિક માહોલથી ગુંજી ઉઠ્યો હતો.આ પ્રસંગે શહેર તથા જિલ્લાના વિવિધ સંગઠનો દ્વારા કવિ સ્નેહી પરમારનું સન્માન કરવામાં આવ્યું હતું. મેઘાણી સાહિત્ય વર્તુળ સહિત અનેક સાહિત્યિક અને સામાજિક સંસ્થાના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.કવિ સ્નેહી પરમારનો ચતુર્થ ગઝલસંગ્રહ ‘ઝાંઝરી જળમાં ઝબાક્ કૂદી’ તેમના સર્જનપ્રવાહમાં વધુ એક મહત્વપૂર્ણ કડી બની રહ્યો છે. માતાની પુણ્યતિથિના પાવન પ્રસંગે યોજાયેલ આ સાહિત્યિક કાર્યક્રમમાં કવિતા, ગઝલ અને સાહિત્યપ્રેમી સર્જકો તથા રસિકોની ઉપસ્થિતિએ કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 06/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS
તારીખ : 06/10/2026

# જય વસાવડાનો આજે જન્મદિવસ : ગુજરાતી સાહિત્ય અને વક્તૃત્વ ક્ષેત્રે આગવું નામ



ગુજરાતી સાહિત્ય, વક્તૃત્વ અને વિચારજગતમાં પોતાની આગવી ઓળખ ઊભી કરનાર જાણીતા લેખક અને વક્તા જય વસાવડાનો આજે જન્મદિવસ છે. પોતાની અસરકારક રજૂઆત, સરળ ભાષા અને જીવનને સ્પર્શતા વિચારો દ્વારા તેમણે ગુજરાતભરના વાચકો અને શ્રોતાઓમાં વિશેષ લોકપ્રિયતા મેળવી છે.જય વસાવડાએ લેખન અને વક્તૃત્વના માધ્યમથી યુવાનોમાં વાંચન, ચિંતન અને સકારાત્મક જીવનદૃષ્ટિ વિકસે તે માટે સતત કાર્ય કર્યું છે. તેમના લેખો અને વક્તવ્યોમાં સાહિત્ય, સંસ્કૃતિ, શિક્ષણ, જીવનમૂલ્યો તેમજ સમકાલીન વિષયોનું સુંદર સંકલન જોવા મળે છે.ગુજરાતી ભાષા અને સાહિત્ય પ્રત્યેનો તેમનો પ્રેમ તથા પોતાના વિચારોને રસપ્રદ અને સરળ રીતે રજૂ કરવાની તેમની વિશિષ્ટ શૈલીને કારણે તેઓ નવી પેઢીમાં પણ લોકપ્રિય બન્યા છે. વિવિધ મંચો પર તેમના વક્તવ્યોને શ્રોતાઓનો બહોળો પ્રતિસાદ મળ્યો છે.જન્મદિવસ નિમિત્તે સાહિત્ય અને વક્તૃત્વ ક્ષેત્રે તેમના યોગદાનને બિરદાવતા સાહિત્યપ્રેમીઓ, વાચકો અને શુભેચ્છકોએ તેમને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. તેમના લેખન અને વિચારપ્રવાહ દ્વારા ગુજરાતી ભાષા-સાહિત્યની વધુ સેવા થતી રહે તેવી શુભકામનાઓ સાથે તેમને જન્મદિવસની હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 06/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતે ॥

છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ

પરિવારની

## હૃદયાંજલિ



પુજ્ય પિતાશ્રી

## અ.નિ. બળવંતસિંહ કેસરીસિંહ રાઠોડ

અક્ષરવાસ તા. ૬/૧૦/૨૦૨૦

"અમ જીવનના ઘડવૈયા બન્યા, કુટુંબ પરિવાર તણા સાચા તરવૈયા બન્યા,
આપના સંઘર્ષ થકી સુખી અમે બન્યા, આપના આશિષ થકી સફળ અમે બન્યા,
તન, મન, ધનથી સદા સમાજના સારથી બન્યા,
સદ્‌ગુણતણી સુવાસ પ્રસરાવી સૌના પ્રેરણાદાયી બન્યા, આદર્શ તણા પુષ્પો
બિછાવી સૌના માર્ગદર્શક બન્યા, સદ્‌કર્મોનો વારસો દઈ આજ તમ અમર બન્યા..."

અ.નિ.જનકબા બળવંતસિંહ રાઠોડ (પત્ની)
રઘુવીરસિંહ બળવંતસિંહ રાઠોડ (પુત્ર)
નેહાબા રઘુવીરસિંહ રાઠોડ (પુત્રવધુ)
દિગ્વિજયસિંહ રઘુવીરસિંહ રાઠોડ (પૌત્ર)
ભકિતબા રઘુવીરસિંહ રાઠોડ (પૌત્રી)
રૂકમણિબા રઘુવીરસિંહ રાઠોડ (પૌત્રી)

તથા રાઠોડ પરિવારનાં જય સ્વામિનારાયણ

તારીખ : 06/10/2026

# ઈન્દિરા વસાહત આંગણવાડી કેન્દ્ર ખાતે "આંગણ ઉત્સવ" કાર્યક્રમ ધામધૂમથી ઉજવાયો

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા I C D S પ્રોજેક્ટ અંતર્ગત બાળકોના સર્વાંગી વિકાસ, યોગ્ય પોષણ અને પ્રારંભિક શિક્ષણને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી ઈન્દિરા વસાહત / અંબિકા સોસાયટી આંગણવાડી કેન્દ્ર (કોડ નં. ૧૦, ૧૯) ખાતે "આંગણ ઉત્સવ" (સંયુક્ત આંગણવાડી ઉત્સવ) નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. આ પ્રસંગે નાના ભૂલકાંઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત માતાઓને બાળકોના પોષણ અને આરોગ્ય વિષયક મહત્વપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ધારાસભ્ય શ્રી મહેશ કસવાલા સાહેબ, નગરપાલિકા પ્રમુખ શ્રી નયનાબેન કાપડીયા, શ્રી પ્રવીણભાઈ સાવજ (ઉમરો), વોર્ડ નં. ૬ ના કાઉન્સિલરશ્રીઓ શ્રી કાજલબેન મકવાણા, શ્રી ભાવિકભાઈ મકવાણા, શ્રી દિનેશભાઈ રાઠોડ, I C D S સુપરવાઈઝર/મુખ્ય સેવિકા શ્રી અરુલતાબેન જાની તેમજ મહિલા મોરચાના સભ્ય શ્રી શોભાબેન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોનું આંગણવાડી સ્ટાફ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન આંગણવાડી વર્કર નેહલબેન બોરીસાગર, અર્ચનાબેન ત્રિવેદી તેમજ હેલ્પર શારદાબેન ગોહિલ અને ખુશબુબેન મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં બાળકો, વાલીઓ અને સ્થાનિક રહીશો મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા.







તારીખ : 06/10/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# નવલી નવરાત્રીનાં આગમને વિવિધ વેરાયટીઓની ખરીદી માટે ૧૦૦ વર્ષો જુનુ એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ

## અમારે ત્યાંથી પ્લાસ્ટીક તથા મેટલ પતાકડા અવનવી વેરાયટીમાં મોતીહાર, સુખડહાર, રેશમહાર, ફુલના હાર, સાટીનપટ્ટી હાર, તુઈના હાર, દરેક પ્રકારના ગરબીના રંગીન કાગળ, મેટલ વેલ, ફુલવેલ, ગોટાવેલ, ગાર્ડનવેલ, નીત નવીન વેરાયટીમાં શણગાર સામાન

**દરેક પ્રકારનો પુજાપો, દશાંગ ધુપ, ગુગળ, અગરબત્તી, અમારી સ્પેશ્યલ દરેક સાઈઝની માતાજી આકર્ષક ચુંદડીઓ અવનવી વેરાયટીમાં મળશે..**

# આશાના જનરલ સ્ટોર્સ

મેઈનબજાર, સાવરકુંડલા. મો. 98249 29394/99248 83535

બ્રાન્ચ : શાહીવાળો ખાંચો, શ્રીજી ચેમ્બર, સાવરકુંડલા

ક્રિ.ક્રે NEWS
તારીખ : 06/10/2026

# હરમનપ્રીત કૌરે ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટનશીપ છોડી

## વિશ્વકપ વિજેતા કેપ્ટને 10 વર્ષના સુવર્ણ નેતૃત્વ બાદ તમામ ફોર્મેટની કેપ્ટનશીપમાંથી લીધેલી વિદાય



ભારતીય મહિલા ક્રિકેટ ટીમની સફળ કેપ્ટન હરમનપ્રીત કૌરએ તમામ ફોર્મેટમાં ભારતીય ટીમની કેપ્ટનશીપ છોડવાનો નિર્ણય જાહેર કર્યો છે. 6 ઓક્ટોબર, 2026ના રોજ તેમણે સોશિયલ મીડિયા દ્વારા આ ભાવુક નિર્ણયની જાણકારી આપી હતી. જોકે, હરમનપ્રીત કૌર ખેલાડી તરીકે ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરવાનું ચાલુ રાખશે. હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે અનેક ઐતિહાસિક સિદ્ધિઓ હાંસલ કરી છે. સૌથી મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે 2025માં ભારતે ઘરઆંગણે પ્રથમ વખત ICC મહિલા વન-ડે વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો હતો. દક્ષિણ આફ્રિકાને હરાવી ભારતે વિશ્વકપ પોતાના નામે કર્યો હતો અને હરમનપ્રીત કૌર વિશ્વકપ વિજેતા ભારતીય મહિલા ટીમની કેપ્ટન બની હતી. 2016થી T20 ફોર્મેટમાં કેપ્ટનશીપ સંભાળનાર હરમનપ્રીત કૌરે 2022થી ODI અને ટેસ્ટ ટીમની પણ પૂર્ણકાલીન કેપ્ટન તરીકે જવાબદારી નિભાવી હતી. તેમની કેપ્ટનશીપ હેઠળ ભારતે એશિયા કપ અને એશિયન ગેમ્સમાં પણ મહત્વપૂર્ણ સફળતાઓ મેળવી છે. તાજેતરમાં 2026 એશિયન ગેમ્સમાં ભારતીય મહિલા ટીમે સતત બીજી વખત સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. હરમનપ્રીત કૌરે ભારત માટે 51 વન-ડે અને 155 T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં કેપ્ટનશીપ કરી છે. ભારતીય મહિલા ક્રિકેટમાં લાંબા સમય સુધી ટીમનું નેતૃત્વ કરનાર આ દિગ્ગજ ખેલાડીએ પોતાના નિર્ણયને ભાવનાત્મક ગણાવતા ટીમને હંમેશા પ્રથમ પ્રાથમિકતા આપ્યાનો ઉલ્લેખ કર્યો છે. તેમણે પોતાના સંદેશમાં જણાવ્યું કે કેપ્ટનશીપનો અંત આવ્યો છે, પરંતુ ભારતીય ક્રિકેટ પ્રત્યેનો પ્રેમ ક્યારેય સમાપ્ત થવાનો નથી. હવે તેઓ ફરી એક ખેલાડી તરીકે રમતને માણવા અને ભારતીય ટીમ માટે યોગદાન આપવા તૈયાર છે. હરમનપ્રીત કૌરની કેપ્ટનશીપનો આ અધ્યાય ભારતીય મહિલા ક્રિકેટના ઈતિહાસમાં એક ગૌરવપૂર્ણ અને યાદગાર અધ્યાય બની રહેશે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 06/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS
તારીખ : 06/10/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# જોઇએ છે...

## તોલ/વજન કરી શકે તેવા માણસો જોઇએ છે...

સમય : સવારે ૩:૩૦ થી ૮:૩૦

* પગાર : રૂા. ૭૦૦૦

માર્કેટીંગ યાર્ડ * શાકભાજી વિભાગ

સંપર્ક :- મો. ૯૭૨૭૪ ૧૪૬૭૭ ૯૪૨૮૯ ૭૭૩૮૩/૯૮૨૫૧ ૩૦૦૫૬

તારીખ : 06/10/2026

# અમદાવાદમાં ૬,૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ રચી ભવ્ય માનવ રંગોળી

## 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નો સંદેશ આપતી રંગબેરંગી માનવ રંગોળીથી GMDC ગ્રાઉન્ડ બન્યું આકર્ષણનું કેન્દ્ર






અમદાવાદના G M D C ગ્રાઉન્ડ ખાતે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સંયુક્ત ઉપક્રમે ભવ્ય 'માનવ રંગોળી'નું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ૬,૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.સપ્તરંગી પોશાકમાં સજ્જ વિદ્યાર્થીઓએ એકસાથે મળીને ભારત દેશની વિશાળ અને આકર્ષક માનવ રંગોળી રચી હતી. વિવિધ રંગોના પોશાકમાં સજ્જ વિદ્યાર્થીઓ દ્વારા રચાયેલી આ માનવ રંગોળીએ 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નો સુંદર સંદેશ પ્રસ્તુત કર્યો હતો અને સમગ્ર કાર્યક્રમને વિશિષ્ટ બનાવ્યો હતો.આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વિદ્યાર્થીઓ સાથે જોડાયા હતા અને તેમનો ઉત્સાહ વધાર્યો હતો. તેમજ કાર્યક્રમમાં ભાગ લેનાર પ્રતિનિધિઓને પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.વિદ્યાર્થીઓની એકતા, સર્જનાત્મકતા અને રાષ્ટ્રભાવનાનું અનોખું પ્રતિબિંબ રજૂ કરતી આ ભવ્ય માનવ રંગોળી કાર્યક્રમનું વિશેષ આકર્ષણ બની હતી. 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમ દ્વારા એકતા, રાષ્ટ્રીય ભાવના અને સામૂહિક ભાગીદારીનો પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 06/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 06/10/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 06/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"જન્મતાં રડવું ભલે કદાચ ફરજીયાત હશે પણ મરતાં રડવું કે નહીં એ આપણા હાથની વાત છે. જન્મ વખતના રુદનને ભલે આપણે ટાળી ન શકયા, પણ મોત વખતના રુદનને ટાળવાની આપણામાં પ્રચંડ તાકાત ધરબાયેલી જ છે. કાઢશું એને બહાર ?"




**આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ**



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 06/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**

Gurutattva®

**3537**
**06/10/2026**
**Tuesday**

## आत्मा

आप के भितर का परमात्मा "
आपके सबसे अधीक निकट
है, हम ऐसे अज्ञानी है, की
उसे बाहर खोजते फीरते है,

बाबास्वामी
6/10/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram : t.me/ShreeShivkrupanandSwami** **Whatsapp : Shivkrupanand Swami**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 06/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




ડોક્ટર તમને શું તકલીફ છે?
દર્દી: સાહેબ કોઈ તકલીફ નથી આ તો બહાર ફ્રી ચેકઅપ વાંચ્યું એટલે મફત ચેકઅપ માટે આવ્યો છું

..................................................................

દર્દી :ડોક્ટર સાહેબ તમે કાંઈ ચાર્જ વગર શું આપો?
ડોક્ટર: યોગ્ય સલાહ
દર્દી :તો સારવારની જરૂર પડે તો એ ફ્રી ને આજના દિવસ પૂરતી?
ડોક્ટર :ચોક્કસ પણ એક દિવસ સલાહ પછી તરત સારવાર ન કરાય એટલે એ માટે કાલે આવજો

..................................................................

સાસુ : વહુ આપણી બાજુમાં બહેન રહે એ જુઠ્ઠા છે તેની વાત પર ક્યારેય વિશ્વાસ ન કરતી.
વહુ : સારું.થોડી વાર પછી,
સાસુ : વહુ, બાજુ વાળા બહેન આજે તને શું કહેતા હતા?
વહુ : એજ કે તારી સાસુ બહુ સારી છે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 06/10/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ૬ ઓક્ટોબર

# મહત્વની ઘટનાઓ

૧૯૮૭ – ફીજી પ્રજાસત્તાક બન્યું.

જન્મ

૧૮૯૩ – મેઘનાદ સહા, ભારતીય વૈજ્ઞાનિક (અ. ૧૯૫૬)

૧૯૪૦ – યોગેન્દ્ર વ્યાસ, ગુજરાતી નવલકથાકાર, ભાષાવિદ (અ. ૨૦૨૧)

૧૯૭૩ – જય વસાવડા, ગુજરાતી ભાષાના લેખક

## Good evening

શક્તિથી તમે કદાચ સામી
વ્યક્તિને ચૂપ કરી શકો...
સમજાવટથી તો તમે એને
પોતાની બનાવી શકો !!

તારીખ : 06/10/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે



## હોલસેલ ભાવે

## નાની-મોટી

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 06/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?



કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ

# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે

# ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 06/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



# કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




88K

59K

43K

100K

**સંપર્ક : મો. 94997 97973**